ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ જિલ્લા પંચાયતમાં પ્રમુખપદ જાળવી રાખવા ભાજપ માટે કરો યા મરોનો ખેલ !

આણંદ જિ.પં.ની પાળજ બેઠક પર 'અસ્તિત્વની લડાઈ'

કોંગ્રેસે પીઢ ક્ષત્રિય નેતાને મેદાનમાં ઉતારી ખેલ પાડ્યો

ભાજપના એસટી કાર્ડ સામે કોંગ્રેસનો અનુભવ અને ક્ષત્રિય ફેક્ટર ટકરાશે

તસવીરઃ વિનાયક આણંદજીવાલા

(પ્રતિનિધિ) પેટલાદ તા.૧૪

આણંદ જીલ્લા પંચાયતની પાળજ બેઠક માટે પેટા ચુંટણીનું જાહેરનામું પ્રસિદ્ધ થયું હતું. જેમાં ઉમેદવારી પત્રો ભરવાનો અંતિમ દિવસ આજે હતો. ગઈકાલ સુધી એકપણ ફોર્મ ભરાયું ન હતું, પરંતુ આજે ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના કુલ પાંચ ઉમેદવારી પત્રો ભરાયા હતા. ભાજપ માટે આ અસ્તિત્વની લડાઈ છે ત્યારે પાર્ટીએ અનુસુચિત આદિ જાતી મહિલા ઉમેદવારને મેન્ડેટ આપ્યો છે. જ્યારે કોંગ્રેસે પીઢ નેતા ઉતારીને ભારે અપસેટ સર્જ્યો છે. આમ આદમી પાર્ટીને કદાચ પાળજ બેઠકના મત વિસ્તારનો ઉમેદવાર નહીં મળતા તારાપુરના મિલરામપુરાના ઉમેદવારને ફોર્મ ભરાવવામાં આવ્યું છે. જો કે આ ચુંટણીમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધો જ ટકરાવ થવાના એંધાણ સ્પષ્ટ જોવા મળે છે.

આણંદ જીલ્લા પંચાયતની પાળજ બેઠક માટે પેટા ચુંટણીનું જાહેરનામું તા.9 જુલાઈના રોજ પ્રસિદ્ધ થયું હતું. એ જ દિવસથી ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ થઈ હતી. પરંતુ તા.13 જુલાઈ સુધીમાં એકપણ ફોર્મ ભરાયું ન્હોતું. જો કે આજરોજ અંતિમ દિવસે ભાજપના બે, કોંગ્રેસના બે અને આમ આદમી પાર્ટીનું એક મળી કુલ પાંચ ઉમેદવારી પત્રો ચુંટણી અધિકારી (ડેપ્યુટી જીલ્લા વિકાસ અધિકારી) રૂબી રાજપુત સમક્ષ રજુ કરવામાં આવ્યા હતા.

આ પેટા ચુંટણી ભાજપ માટે અસ્તિત્વની માનવામાં આવી રહી છે. કારણકે જીલ્લા પંચાયતમાં પ્રમુખ પદ અનુ. આદિ જાતિ માટે અનામત છે અને આવા ઉમેદવાર ભાજપ પાસે હાલ નથી. ભાજપ પાસે સ્પષ્ટ બહુમત હોવા છતાં પ્રમુખ પદ જાળવી રાખવું હજી કોષો દૂર હોવાનું માનવામાં આવે છે. માટે જ પાળજ ઉપરથી બિનહરીફ વિજેતા થયેલ પ્રદિપ પટેલને રાજીનામું અપાવી બેઠક ખાલી કરવામાં આવી છે. જેથી આ બેઠક ઉપર ભાજપ દ્વારા અનુ.આદિ જાતિના નવોદિત ઉમેદવાર સુમિત્રા જયેશભાઈ પટેલને મેન્ડેટ આપ્યો છે. સુમિત્રા પટેલને મેન્ડેટ આપી ભાજપે એસસી - એસટી અને પટેલ સહિત જનરલ કેટેગરીના મતદારોને અંકે કરવાનું કાર્ડ ખેલાયું છે. જ્યારે કોંગ્રેસે પીઢ નેતા જેસંગભાઈ મહિજીભાઈ પરમારને ચુંટણી મેદાનમાં ઉતારી ભારે અપસેટ સર્જ્યો છે. જેસંગભાઈ પરમાર જીલ્લા પંચાયતના પૂર્વ સભ્ય રહી ચુક્યા છે. પેટલાદ વિધાનસભાની ચુંટણી પણ લડી ચુક્યા છે. ક્ષત્રિય વોટ બેંક ઉપર જેસંગભાઈ પરમારનું પ્રભુત્વ ખૂબ સારૂં હોવાનું માનવામાં આવી રહ્યું છે. ભાજપ અને કોંગ્રેસની સીધી ટક્કરને ત્રિપાંખીયો જંગ બનાવવા આમ આદમી પાર્ટીએ આયાતી ઉમેદવારને મેન્ડેટ આપ્યો છે. આપ દ્વારા તારાપુરના મિલરામપુરાથી પાળજ સુધી લાવીને અલ્પેશ જશુભાઈ પઢીયારને ચુંટણીમાં ઝંપલાવ્યા છે. જો કે ક્ષત્રિય અને પટેલ મતદારોના પ્રભુત્વ ધરાવતી આ બેઠક ઉપર ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધી ટક્કર થવાના એંધાણ સ્પષ્ટ દેખાઈ રહ્યા છે.

ભરાયેલા ઉમેદવારી પત્રો

કોંગ્રેસ
જેસંગભાઈ મહિજીભાઈ પરમાર
બિપીનભાઈ જેસંગભાઈ પરમાર

ભાજપ
સુમિત્રાબેન જયેશભાઈ પટેલ
રીટાબેન સચિનભાઈ સુથાર

આપ
અલ્પેશભાઈ જશુભાઈ પઢીયાર

બિનહરીફની શક્યતા રોળાઈ !

આણંદ જીલ્લા પંચાયતની પાળજ બેઠક સામાન્ય છે. આ બેઠક ઉપર ગત સામાન્ય ચુંટણીમાં આમોદના પ્રદિપ પટેલ ભાજપ તરફથી બિનહરીફ વિજેતા બન્યા હતા. જીલ્લા પંચાયતની 40 પૈકી સૌથી પહેલી આ બેઠક બિનહરીફ જાહેર થઈ હતી. પરંતુ આ વખતે ભાજપ દ્વારા સામાન્ય બેઠક ઉપર અનુ.આદિ જાતિ મહિલા ઉમેદવાર અને તે પણ નવોદીત ચહેરો છે. જ્યારે કોંગ્રેસના પીઢ ક્ષત્રિય નેતાએ ઝંપલાવતા ભાજપનું બિનહરીફ કરવાનું સપનું લગભગ રોળાઈ ગયું હોવાનું જાણવા મળે છે.

ખંભાતમાં બંધ ઘરમાંથી ૧૮ હજારની મત્તા ચોરાઈ

પરિવાર ઘરની બહાર સૂતો હતો અને પાછળની બારીની જાળી તોડી તસ્કરો ઘુસ્યાં

(પ્રતિનિધિ) ખંભાત તા.૧૪

ખંભાત રૂરલ પોલીસ મથકની હદમાં આવતા ખટનાલ ગામના નારણપુરા વિસ્તારમાં એક ચોંકાવનારી ઘરફોડ ચોરીની ઘટના બની છે. જેમાં તસ્કરોએ એક ખેડૂતના ઘરની પાછળની બારીની લોખંડની જાળી તોડી અંદર પ્રવેશી, તિજોરી સાફ કરી કુલ ૧૮,૯૫૦ના મુદ્દામાલની ચોરી કરી છે.

ખંભાતના ખટનાલ ગામે રહેતા ખેડૂત અરવિંદભાઈ રમણભાઈ પટેલ ગત ૯ જુલાઈના રોજ રાત્રે પરિવાર સાથે ઘર બંધ કરી બહાર સૂતા હતા. દરમિયાન અજાણ્યા ચોરોએ ઘરની પાછળની બારીની જાળી તોડી અંદર પ્રવેશ કર્યો હતો. બીજા દિવસે વહેલી સવારે પરિવાર જાગ્યો ત્યારે ચોરીની જાણ થઈ હતી. તપાસ કરતા તિજોરીમાંથી સોનાની ૨ વીંટી, ૪ બુટ્ટી, ચાંદીના છડા, સિક્કા, દીવી અને રોકડા ૪,૦૦૦ મળી કુલ ૧૮,૯૫૦ની મત્તા ગાયબ હતી. આ મામલે ખંભાત રૂરલ પોલીસે ગુનો નોંધી તસ્કરોને પકડવા વધુ તપાસ હાથ ધરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આણંદ જિલ્લાના શહેરી વિસ્તારમાં સીસીટીવી કેમેરા લાગેલા હોવાથી ચોરી કરવી મુશ્કેલ બન્યુ છે. જેથી તસ્કરોએ હવે ગ્રામ્ય વિસ્તાર તરફ ખાતર પાડવાનું શરૂ કર્યું છે. આણંદ જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી ગ્રામ્ય વિસ્તારમાં ચોરીનું પ્રમાણ વધતાં ચિંતાનો માહોલ સર્જાયો છે.

સુભાષનગરમાં વીજ કનેક્શન કાપવાનું શરૂ કરતા લોકોમાં રોષ

નડિયાદના સુભાષનગરમાં જર્જરિત આવાસો ખાલી કરાવવા મુદ્દે હોબાળો

પોલીસની મધ્યસ્થી બાદ કામગીરી હાલ પૂરતી મુલતવી રાખી ૨૦મી સુધીની મહોલત

(પ્રતિનિધિ) નડિયાદ તા. ૧૪

નડિયાદના સુભાષનગર ખાતે આવેલા ગુજરાત હાઉસિંગ બોર્ડના જર્જરિત મકાનો ખાલી કરાવવા ગયેલી મહાનગરપાલિકા અને વીજ કંપનીની ટીમને સ્થાનિકોના ઉગ્ર વિરોધનો સામનો કરવો પડ્યો હતો. કોઈપણ વૈકલ્પિક વ્યવસ્થા કર્યા વિના અચાનક વીજ કનેક્શન કાપવાની કામગીરી શરૂ કરાતા હજારો રહીશો અને પૂર્વ કાઉન્સિલર મહેશ દેસાઈની આગેવાનીમાં લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા.

નડિયાદના કુલ ૩૯૬ મકાનોના કનેક્શન કાપવાનો તંત્ર દ્વારા આદેશ અપાયો છે, જેમાં વિશ્વનગર પાસેના ૧૨ ફ્લેટોમાં અંધારપટ છવાઈ ગયો છે. સુભાષનગરમાં ૧૪૪ ફ્લેટમાં રહેતા પરિવારોએ 'દાદાગીરી'નો આક્ષેપ કરતા મામલો બિચક્યો હતો. અંતે પોલીસની મધ્યસ્થી અને સ્થાનિકો દ્વારા કમિશનરને રજૂઆત કરવાની ખાતરી બાદ, તંત્રએ નમતું જોખ્યું હતું અને આગામી ૨૦ જુલાઈ સુધી મકાનો ખાલી કરવા માટેની રાહત આપી છે.

તબક્કાવાર નવીનીકરણ કરવાની માંગ

સ્થાનિક આગેવાનોએ તંત્ર સમક્ષ એવી વ્યવહારુ રજૂઆત કરી હતી કે હાઉસિંગ બોર્ડની પાછળની ખાલી જગ્યામાં નવા બ્લોક બનાવી લોકોને ત્યાં શિફ્ટ કરવામાં આવે અને ત્યારબાદ જ જૂના મકાનો તોડવામાં આવે. આ રીતે તબક્કાવાર કામગીરી કરવાથી હજારો લોકો બેઘર થતા બચી શકે તેમ છે, પરંતુ તંત્ર હાલ માત્ર કમિશનરના આદેશનું જ રટણ કરી રહ્યું છે.

હાઉસિંગ બોર્ડે જવાબદારીમાંથી હાથ અદ્ધર કર્યા

આ અંગે હાઉસિંગ બોર્ડ દ્વારા અપાયેલી નોટિસમાં સ્પષ્ટ જણાવાયું છે કે હવે આ મકાનો સાથે બોર્ડને કોઈ લેવાદેવા નથી અને તમામ જવાબદારી એસોસિએશન કે કબજેદારની રહેશે. વર્ષોથી માત્ર નોટિસો આપી સંતોષ માનનાર બોર્ડના અધિકારીઓએ ગરીબ પરિવારોને રામભરોસે છોડી દીધા હોવાનો આક્રોશ લોકોમાં જોવા મળી રહ્યો છે.

બાલાસિનોરમાં ક્રૂરતાપૂર્વક બાંધેલું પશુ મુક્ત કરાયું

એક આરોપીની ધરપકડ કરી, કુલ ૧.૧૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો

(પ્રતિનિધિ) બાલાસિનોર તા.૧૪

બાલાસિનોર તાલુકા પોલીસ મથકના સ્ટાફ દ્વારા પશુ તસ્કરી અને પ્રાણીઓ પ્રત્યે ઘાતકીપણું આચરતા તત્વો સામે લાલ આંખ કરવામાં આવી છે. પોલીસે બાતમીના આધારે ભાંથલા-કાનેરા રોડ પર ઓપરેશન પાર પાડીને એક શંકાસ્પદ વાહનમાંથી અત્યંત દયનીય હાલતમાં બાંધેલું જીવંત પશુ મુક્ત કરાવી કતલખાને લઈ જવાનું કૌભાંડ નિષ્ફળ બનાવ્યું છે.

બાલાસિનોર તાલુકા પોલીસ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે ભાંથલા તરફથી એક ક્રીમ કલરની ટાટા છોટા હાથી ગાડી (નંબર GJ-07-UU-5204) માં પશુ ભરીને બાલાસિનોર તરફ જઈ રહી છે. આ માહિતીના આધારે પોલીસે કાનેરા ગામે વોચ ગોઠવી ગાડીને અટકાવી હતી. તપાસ દરમિયાન ગાડી ચાલક બિલાલખાન અહેમદખાન પઠાણ (રહે. બાલાસિનોર) ની ધરપકડ કરવામાં આવી હતી.

પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતું કે, ગાડીના પાછળના ભાગે પશુને અત્યંત ક્રૂરતાપૂર્વક પગ અને ગળામાં ટૂંકા દોરડા વડે બાંધી રાખવામાં આવ્યું હતું, જ્યાં ઘાસચારા કે પાણીની કોઈ વ્યવસ્થા નહોતી. પોલીસે ૧૦,૦૦૦ ની કિંમતનું પશુ અને ૧,૦૦,૦૦૦ ની ગાડી મળી કુલ ૧,૧૦,૦૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ ઉપરાંત બિલાલ પઠાણ વિરૂદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

આમસરણમાં ઝાડની ડાળીઓ કાપવાની કામગીરી દરમિયાન બેદરકારી

શાળાએ જતા માસૂમ બાળક પર વીજપોલ પડતાં કરૂણ મોત

ધોરણ ૬માં ભણતા ૧૨ વર્ષના વિદ્યાર્થીએ જીવ ગુમાવતાં અરેરાટી વ્યાપી

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૪

મહેમદાવાદ તાલુકાના આમસરણ ગામમાં મંગળવાર સવારે એક અત્યંત કરૂણ ઘટના ઘટી છે, જેમાં શાળાએ જઈ રહેલા એક ૧૨ વર્ષના બાળક પર વીજળીનો થાંભલો પડતા તેનું કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. આ ઘટનાને પગલે સમગ્ર ગામમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે.

મૂળ બિહારના નાલંદા જિલ્લાના અને હાલ આમસરણમાં રહી ગુજરાન ચલાવતા અજયકુમાર યાદવનો ૧૨ વર્ષનો પુત્ર કૃષ્ણા, જે ગામની જ સરકારી શાળામાં ધોરણ ૬ માં અભ્યાસ કરતો હતો, તે સવારે ૧૦ વાગ્યે ઘરેથી શાળાએ જવા નીકળ્યો હતો. કૃષ્ણા જ્યારે ગામના રાધાકૃષ્ણ મંદિર પાસેથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે નજીકમાં ઝાડની ડાળીઓ કાપવાની કામગીરી ચાલી રહી હતી.

આ દરમિયાન એક મોટી ડાળી અચાનક હાઈવોલ્ટેજ વીજલાઈન પર પડતા, લોખંડનો ભારેખમ વીજપોલ પાયામાંથી ઉખડીને સીધો કૃષ્ણા પર પડ્યો હતો.

આ અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા બાળકને તાત્કાલિક નેનપુર ચોકડી પાસેની ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો, જ્યાં તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. આ ઘટનાની જાણ થતા જ મહેમદાવાદ પોલીસે હોસ્પિટલ પહોંચી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે. પોલીસે પિતાની ફરિયાદના આધારે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મહેમદાવાદના આમસરણ ગામમાં સર્જાયેલી કરૂણાંતિકાના પગલે ગામમાં ઘેરા શોકની લાગણી જન્મી છે. જોકે, આ અકસ્માત પાછળ ઝાડ કાપનાર શખસોની ઘોર બેદરકારી છતી થઈ છે. તેમની સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવા પણ ગામમાં માગણી ઉઠી છે.

આણંદ ભાજપ દ્વારા શહેર તાલુકા મહામંત્રી નિમાયાં

(પ્રતિનિધિ) આણંદ તા ૧૪

આણંદ જિલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા સંગઠનને વધુ સશક્ત અને ગતિશીલ બનાવવા શહેર તથા તાલુકા સંગઠનમાં નવા મહામંત્રીઓની નિમણૂક જાહેર કરવામાં આવી છે. જિલ્લા પ્રમુખ સંજય પટેલ દ્વારા પ્રદેશ મહામંત્રી અને જિલ્લા પ્રભારી ઋત્વિજસિંહ ચૌહાણ તથા જિલ્લા પ્રભારી વર્ષાબેન દોશીના માર્ગદર્શન હેઠળ આ નિમણૂક કરવામાં આવી છે.

જાહેર કરાયેલી નિમણૂકો મુજબ પેટલાદ શહેર મહામંત્રી તરીકે જીગ્નેશભાઈ અનિરૂદ્ધપ્રસાદ જોષી, તારાપુર શહેર મહામંત્રી તરીકે કરણભાઈ રમેશભાઈ પટેલ, બોરસદ તાલુકા મહામંત્રી તરીકે જલ્પેશભાઈ ઉમેશભાઈ પટેલ તેમજ સોજીત્રા તાલુકા મહામંત્રી તરીકે ભરતભાઈ અંબાલાલ સોલંકીની નિમણૂક કરવામાં આવી છે.

આ તમામ નિમણૂકો તાત્કાલિક અસરથી અમલમાં આવશે. નવી ટીમના હોદ્દેદારો સંગઠનને વધુ મજબૂત બનાવી પક્ષની વિવિધ સંગઠનાત્મક પ્રવૃત્તિઓને વધુ વેગ આપશે.

પ્રદેશ મહિલા મોરચાના મહામંત્રી તરીકે વરણી

નડિયાદના અગ્રણી નેતા જહાન્વીબેન વ્યાસને ગુજરાત પ્રદેશ મહિલા મોરચાના પ્રદેશ મહામંત્રી તરીકેની મહત્વની જવાબદારી સોંપવામાં આવી છે. આ નિમણૂકને પગલે સમગ્ર ખેડા જિલ્લા અને ખાસ કરીને નડિયાદ શહેરના ભાજપ કાર્યકર્તાઓમાં આનંદ અને ગૌરવની લાગણી પ્રસરી છે. જહાન્વીબેન વ્યાસ વર્ષ 2007થી ભાજપ યુવા મોરચા સાથે જોડાઈને સંગઠનાત્મક કાર્ય કરી રહ્યા છે.

યશ કમલ સોસાયટીના રહીશોને વીજ જોડાણ કાપવાની ધમકી

નડિયાદમાં સ્માર્ટ મીટરના મુદ્દે નાયબ ઈજનેરની 'દાદાગીરી'

વકીલને અપશબ્દ કહેતા મામલો પોલીસ મથકમાં પહોંચ્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૪

નડિયાદની યશ કમલ સોસાયટીમાં સ્માર્ટ મીટર લગાવવાના મામલે મધ્ય ગુજરાત વીજ કંપનીના અધિકારીઓ અને રહીશો વચ્ચેનો વિવાદ હવે પોલીસ મથકે પહોંચ્યો છે. સોસાયટીના રહીશ અને વકીલ ઉત્સવ શાહે નાયબ ઈજનેર એ. એન. પટેલ વિરુદ્ધ સત્તાના દુરુપયોગ અને ગાળાગાળી કરવાની લેખિત ફરિયાદ નોંધાવી છે.

નડિયાદમાં સ્માર્ટ મીટરના ગ્રાહકે સપ્ટેમ્બર ૨૦૨૫થી મીટરના ડિસ્પ્લેની ખામી અંગે વારંવાર અરજીઓ કરી હોવા છતાં તંત્રએ કોઈ ઉકેલ લાવવાને બદલે મનસ્વી રીતે એવરેજ બિલ ફટકારી આર્થિક શોષણ ચાલુ રાખ્યું હતું. તેમાંય કોઈપણ જાતની બાકી રકમ ન હોવા છતાં, અદાવત રાખીને ૧૧મી જુલાઈ ૨૦૨૬ ના રોજ ૨૪ કલાકમાં વીજ જોડાણ કાપી નાખવાની નોટિસ ફટકારવામાં આવી હતી. આ મામલે જ્યારે વકીલે નાયબ ઈજનેરનો સંપર્ક કર્યો, ત્યારે તેમણે ફોન પર ઉદ્ધત વર્તન કરી બિભત્સ ગાળાગાળી કરી હોવાનો આક્ષેપ છે.

આ અંગે રહીશોનો આક્ષેપ છે કે વીજ કંપનીના કર્મચારીઓ જાણીજોઈને મીટરની સીલ તોડી રહીશોને ખોટા કેસમાં ફસાવવાની ધમકી આપી પરાણે સ્માર્ટ મીટર સ્વીકારવા મજબૂર કરી રહ્યા છે. હાલમાં આ મામલે ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કરવા માંગણી કરવામાં આવી છે. નડિયાદમાં સ્માર્ટ મીટર લગાવવાને લઈ વધુ એક વિવાદ ઊભો થયો છે.

અધિકારી અપશબ્દ ન બોલે

આ મામલે નડિયાદ સર્કલના કાર્યપાલક ઈજનેર સૌરિન સાગરે જણાવ્યું હતું કે, સ્માર્ટ મીટર ન નાખવા દે તેવા સંજોગોમાં કનેક્શન કાપવાની નોટિસ અપાઈ હતી. અધિકારી કદાચ કામ બાબતે થોડા 'સ્ટ્રીક' થયા હશે, પરંતુ ગાળાગાળી ન કરી શકે.

આણંદની શ્રીધાએ ૧૭,૯૮૨ ફૂટ ઊંચા ખરદુંગલા પર પહોંચી ઈતિહાસ રચ્યો

એવરેસ્ટ વિજેતા ફોઈના માર્ગદર્શન અને પિતાના સાહસિક વારસાને દીકરીએ માત્ર ૧૫ મહિનાની ઉંમરે હિમાલયના શિખરે જીવંત રાખ્યો

(પ્રતિનિધિ) આણંદ તા.૧૪

આણંદના રાણા પરિવારની ૧૫ મહિનાની નાનકડી દીકરી શ્રીધા વિવેક રાણાએ અશક્યને શક્ય કરી બતાવ્યું છે. ૧૭,૯૮૨ ફૂટની ઊંચાઈ ધરાવતા વિશ્વ વિખ્યાત ખરદુંગલા શિખર સુધી પહોંચીને તેણે ઈતિહાસ રચ્યો છે. આટલી નાની ઉંમરે આ દુર્ગમ સ્થળે પહોંચનાર તે પ્રથમ ગુજરાતી બાળકી બની છે. ગત ૭મી જુલાઈના રોજ પરિવાર સાથે આ સિદ્ધિ મેળવ્યા બાદ શ્રીધા હવે ગુજરાત માટે ગૌરવનું પ્રતિક બની છે.

આણંદના રાણા પરિવારની શ્રીધાની આ સફળતા પાછળ તેના પરિવારનો પર્વતારોહણનો સમૃદ્ધ વારસો જવાબદાર છે. તેના ફોઈ ચેતનાબેન રાણાએ ૨૦૧૬માં વિશ્વના સર્વોચ્ચ શિખર માઉન્ટ એવરેસ્ટ પર સફળ આરોહણ કર્યું હતું, જ્યારે પિતા વિવેક રાણાએ ૨૦૨૨માં એવરેસ્ટ બેઝ કેમ્પનો ટ્રેક પૂર્ણ કર્યો હતો. આ જ સાહસિક વાતાવરણમાં ઉછરેલી શ્રીધાને કોઈ જોખમ વગર આ ઊંચાઈ સુધી પહોંચાડવા માટે તેના માતા-પિતા ગોરલ અને વિવેક રાણાએ અત્યંત વૈજ્ઞાનિક અભિગમ અપનાવ્યો હતો.

આ યાત્રા માત્ર ફરવા માટે નહીં, પણ ચોક્કસ આયોજન સાથે કરવામાં આવી હતી. ૧લી જુલાઈના રોજ લેહ (૧૧,૫૦૦ ફૂટ) પહોંચ્યા બાદ શ્રીધાને ત્રણ દિવસ સુધી ત્યાંના વાતાવરણમાં અનુકૂળ બનાવવા માટે 'એક્લિમેટાઈઝેશન' કરવામાં આવ્યું હતું. બાદમાં ક્રમશઃ નમિકાલા પાસ અને ફોટુલા પાસ જેવી વધુ ઊંચાઈએ લઈ જઈને તેના ઓક્સિજન લેવલ અને સ્વાસ્થ્ય પર સતત દેખરેખ રાખવામાં આવી હતી. સરકારી માર્ગદર્શિકા મુજબ મર્યાદિત સમય માટે ખરદુંગલા પાસ પર રોકાઈને પરિવારે આ યાદગાર ક્ષણોને કેમેરામાં કેદ કરી હતી. માતા-પિતાના મતે, જો દીકરીઓને યોગ્ય તક અને પ્રોત્સાહન મળે તો તે કોઈ પણ ઊંચાઈ સર કરી શકે છે, જે શ્રીધાએ સાબિત કરી દીધું છે.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225